# મારી બાનો હસતો ચહેરો જોઈ મને શાંતિ મળે

" ज़िंदगी क्या किसी मुफ़लिस की क़िस्मत का नाम
एक टूटे हुए ख़्वाबों की हसरत का "
- સાહિર લુધિયાનવીની પંક્તિઓ

દરિદ્રતામાં સબડતા માણસની અસહ્ય પીડા અને અધૂરાં સપનાંઓને શબ્દ આપે છે. ગરીબનું જીવન કોઈ સુંદર સફર નથી પણ એમની કિસ્મતનું બીજું નામ છે.

સાહિર લુધિયાનવીની આ પંક્તિઓ જેમને જોઈને યાદ આવી તે ખેમીબા. બનાસકાંઠાના વડગામના સેંધણી ગામમાં એ રહે. અમારા કાર્યકર રમેશભાઈ સાથે અમે એમના ઘરે પહોંચ્યાં. ઘરનો દરવાજો બંધ હતો એ ખોલી રમેશભાઈએ ખેમીબાના નામની બૂમ પાડી. ખાટલામાં આડા પડેલા ખેમીબાએ "એ કુણ" એવું પૂછ્યું ને ખાટલામાંથી ઊભા થવા કોશિશ કરી. ઘરમાં અંધારું હતું પણ દરવાજા ખોલતા ઘરમાં પ્રકાશ પડ્યો એમાં જીર્ણ શરીરને ગાગરડી જેવા પેટવાળા બાને અમે દીઠાં. જે ઘરમાં એ બેઠાં હતાં એ પડું પડું થાય એવી સ્થિતિમાં હતું. બાની ઉંમર સહેજે ય પાંસઠથી સિત્તેર હોવાનું લાગ્યું પણ એમનું મોઢું ન જોયું હોત તો એ ગર્ભવતી હોવાનું પ્રથમ લાગત. બા ખાટલામાં ઊભા થવા કોશિશ કરી રહ્યાં હતાં. અમારા રમેશભાઈ અંદર ગયા ને બાને ખાટલામાંથી ઊભાં કર્યાં. એમણે કહ્યું, "બા, બહાર આવો." કેમ છો બા એવું પૂછ્યું તો કહે, "આ જુઓ બેઠા સીએ. અમારે બીજું શું હોય."

એમનું ગાગરડી જેવું પેટ જોઈને એમને શું થયું હશે એ પ્રશ્ન થયો? પણ હું કશું પૂછું એ પહેલાં બા જાણે સમજી ગયાં હોય એમણે પોતાની સાડીનો પાલવ હટાવી મને પેટ બતાવતા કહ્યું, "ડૉક્ટર ગોઠ હ એવું કેહ."

"તે દવા, ઓપરેશન?"

"ઓપરેશન કરાવશો તો મરી જશો ઈમ કેહ અન્ મન કોક થાય તો મારા સોકરાનું હું થાય. એ બાપડો તો મન ભાળીને જ જીવ." છોકરો એવું કહ્યું, પણ એ ક્યાંય દેખાયો નહીં. રમેશભાઈએ કહ્યું. "બાને બે દીકરા. એક ગુજરી ગયો ને બીજો કેશોભઈ. એમને પગે તકલીફ છે તે એ કાખઘોડી કે વોકર લઈને ચાલે."

"બાના ઘરવાળા?"

"ઈમને મરે તો વર્ષો થ્યા." રમેશભાઈને પૂછાયેલા પ્રશ્નનો બાએ જવાબ આપ્યો. "તે બા ઘરનું પૂરું કેમ થાય?"

"મારો મોટો સોકરો જીવતો'તો તાણ હુદી કોય તકલીફ નતી, પણ એને એક્સિડન્ટ થયો. એ મજૂરી કરીન અમારું પૂરું કરતો, પણ એ જતો રયો અન્ અમારી દશા બેઠી." આટલું બોલતા બાની આંખોમાં પાછું પાણી આવ્યું. એમના શબ્દોમાં એટલી અસહ્ય પીડા હતી કે તેને સ્પર્શ કરવો પણ જાણે મુશ્કેલ લાગ્યો.




**એક અવસર ઊભો થયો ને અમે ખેમીબાના ઘરે ગયા. બાને અમે આવીએ છીએ એવું જણાવેલું તે એમણે કેશાભાઈને ખાસ ઘરે રહેવા કહ્યું. પહેલી વખત ગઈ ત્યારે ભારે નિરાશ લાગતું આંગણું આજે ચેતનવંતુ લાગ્યું. ઘર આગળ બાંધેલા ઓટલા પર ખાટલો ઢાળ્યો હતો ને બા એમાં સૂતાં હતાં**

## આપણી આસપાસ

★ મિત્તલ પટેલ

"બા તમારી તકલીફ ઓછી થાય એ માટે અમે કંઈ મદદ કરી શકીએ તો ક્યો? દવાખાને ફરી એક વખત બતાવી જોઈએ?"

"ના દવાખોને નથી જવું પણ આ ઘર થાય તો કરો. ચોમાસામાં ખૂબ હેરાન થવાય. લોટે જવામાં પણ... મારાથી ચલાતું નથી ને. મારો સોકરો બાપડો ગોમમો માગવા જાય. ઈની ચિંતા થાય. મુ નઈ હોવું પસી ઈનું હું થશે. એ કેક બા તુ હ તો ઘેર આબ્બાનું મન થાય પણ તુ નઈ હોય તારે?" શરીરની પીડા સાથે બાને દીકરાની ભારે ચિંતા હતી.

બા વધારે બોલી ન શક્યાં પણ સ્થિતિ સમજાય એવી હતી. બાનો મોટો દીકરો જે ઘરનું પૂરું કરતો એને અકસ્માત નડ્યો ને એણે પ્રાણ ગુમાવ્યા. ખેમીબા અને કેશાભાઈ એના આધારે જ જીવતા. આમ તો કેશાભાઈના પગ પહેલાં સાજા હતા એમને પણ અકસ્માત નડ્યો ને એમના પગ કામ કરતા બંધ થયા. એ કાખઘોડી અથવા વોકરના સહારે ચાલી શકે. કેશાભાઈ સાજાનરવા હતા ત્યારે મજૂરી કરતા પણ પગ ગયા પછી મજૂરી કરવી મુશ્કેલ બની. બાજુના ગામમાં આવેલી ચાની હોટલમાં કપ, રકાબી ધોવાનું કામ એમને મળ્યું તે માસિક અઢી ત્રણ હજારના પગારે એ કામ કરે. ક્યારેક ગામમાંથી માંગી આવે. કુદરતે જાણે જીવન આપ્યું છે તો એ જીવન પૂરું કરતા હોય એવો તકાજો હતો.

અમે બાનું ઘર ઠીક કરી આપવાનો નિર્ણય કર્યો. અમારી ઈચ્છા કેશાભાઈને મળવાની હતી પણ અમે બેઠા ત્યાં સુધી એ ન આવ્યા. બાને ઝટ ઘર બાંધવામાં નિમિત્ત બનશું એમ કહીને અમે નીકળ્યા.

બે મહિનામાં બાનું ઘર થઈ ગયું ને બા એ ઘરમાં સુખરૂપ રહેવા લાગ્યાં.

આ વાતને ઘણો સમય થયો ને સેંધણી જવાનો એક અવસર ઊભો થયો ને અમે ખેમીબાના ઘરે ગયાં. બાને અમે આવીએ છીએ એવું જણાવેલું તે એમણે કેશાભાઈને ખાસ ઘરે રહેવા કહ્યું. પહેલી વખત ગઈ ત્યારે ભારે નિરાશ લાગતું આંગણું આજે ચેતનવંતુ લાગ્યું. ઘર આગળ બાંધેલા ઓટલા પર ખાટલો ઢાળ્યો હતો ને બા એમાં સૂતાં હતાં. કેશાભાઈ બાની બાજુમાં ભોંય પર બેઠા હતા. અમને જોઈને આ બેઉની આંખોમાં એક ચમક આવી ગઈ.

એમણે ઉમળકાભેર આવકારો આવ્યો. કેશાભાઈ તો રામ રામ કહેતા કહેતા રડી પડ્યા. અમે કહ્યું, "હવે તો શાંતિ થઈ ગઈ રડો છો શા માટે?" તો કહે, "પેલા મુ ઘેરથી કોમે જવા નેકળતો તાણ મન હૌથી વધારે ચિંતા મારી બાની થતી. એના મોથે ધાબુ પડશે, એ દટાઈ જશે કે ઈન્ વાગશે, લોટે જવા જવું હશે તો એ હુ કરશે આ બધું વિચારી વિચારીન્ મન ગોડુ થઈ જતું પણ હવે મારી બાનો ચહેરો હસ્તો જોવુ હુ ન્ મન હારુ લાગ હ્. મુ નિરોંતે કોમે જઈ હકુ હુ. આ જમાનામો કોઈ કોઈનું નઈ થતું. તાણ તમે અમારી ચિંતા કીધી. તમારો ક્યા શબ્દોમો આભાર મોનુ નઈ હમજાતું." અસ્ખલિત બોલી રહેલા કેશાભાઈની આંખોમાં હર્ષાશ્રુ વહી રહ્યા હતા.

મેં એમની પીઠ પર હાથ ફેરવી, ઈશ્વરનો તેમ જ આ ઘર બાંધવામાં મદદ કરનાર કિશોરભાઈ પટેલનો આભાર માનવા કહ્યું પણ આજના સમયમાં દુર્લભ દેખાય એવો કેશાભાઈનો ખેમીબા પ્રત્યેનો પ્રેમ. એમને ચાલવામાં કષ્ટ પડે છતાં માની સેવામાં એ ખડેપગે. અમે રાશન આપીએ એ રાંધીને બાને ખવડાવે. ખેમીબાના ચહેરા પરનું દુઃખ એમને ઊંઘવા નહોતું દેતું. ઘર થયા પછી ખેમીબાના ચહેરા પરનો આનંદ જોઈને કેશાભાઈ પોતાના દુઃખ જાણે ભૂલી ગયા. એ રાજી હતા.

એક રીતે જોઈએ તો મા અને દીકરો બેઉ એકબીજાના સહારે જીવે. ઈશ્વર આ બેઉને શાંતિ અને તંદુરસ્તી બક્ષે એવી પ્રાર્થના.●

## અનુંસંધાન પાના 6નું શેષ.....

એ છે સિંધુ નદીનો પ્રવાહ બદલવાનું અને સરસ્વતી નદી ને લુપ્ત થવાનું. વર્ષો પહેલા આ વિસ્તારમાં આ બંને નદીઓને કારણે રણપ્રદેશ ન હતો પરંતુ ધરતીકંપ થયા પછી સિંધુ નદીનું વહેણ બદલાઈ ગયું અને સરસ્વતી નદી લુપ્ત થઈ એટલે આ ફળદ્રુપ રેતીનો વિસ્તાર રણમાં ફેરવાઈ ગયો. આમ તો હાઇકોર્ટે ચુકાદો આપ્યો છે તે પ્રમાણે અરાવલી પર્વતોમાં કોઈપણ પ્રકારનું ખનન શક્ય નથી. ગેરકાયદેસર થાય તો અલગ વસ્તુ છે. પરંતુ જો થાય તો આ બધી જગ્યામાંથી વરસાદ લાવતા મોસમી પવનો એમાંથી આરપાર નીકળીને રણ પ્રદેશમાં જાય અને એ વિસ્તારમાં વરસાદ લાવે. ઉપર જણાવ્યું એ પ્રમાણે વિકાસને કારણે આ પવનોની પેટર્ન પણ બદલાય છે. હવે તે કચ્છ અને રણ પ્રદેશમાં પ્રવેશી જાય છે અને અરવલ્લીની ગિરિમાળાઓની પૂર્વ બાજુઓ કરતા વધારે વરસાદ લાવે છે. જો આ ગિરિમાળાઓની પેલે પાર એટલે કે પૂર્વ વિસ્તારમાં પણ ગિરિમાળાઓ ના પર્વતો કપાય તો વરસાદ લાવે. વળી આ ગિરિમાળાઓ વરસાદી પવનોને રોકે નહીં એટલે બધી જગ્યાએ પ્રમાણસર વરસાદ લાવે. આમ થવાથી અત્યારે જેસલમેર, બાડમેર, બિકાનેર જેવા પ્રદેશમાં અતિશય ભારે વરસાદ પડે છે તે પણ પ્રમાણસર થઈ જાય.

મારું એમ માનવું છે કે વરસાદ લાવવા માટે આ પ્રકારનો કોરિડોર બનાવવો જોઈએ. એ અરવલ્લીની ગિરિમાળાઓમાં નહીં પણ ક્યાંક બીજે. જ્યાં જેની જરૂરિયાત પણ છે. આ જગ્યા છે ભારતના પશ્ચિમ કિનારા પર આવેલી ડેક્કન પ્લેટ પર. ફરીથી નકશો જુઓ તો ખ્યાલ આવશે કે આ ડેક્કન પ્લેટ મહારાષ્ટ્ર થી માંડીને છેક કેરાલા સુધી છે. વરસાદ લાવતા મોસમી પવનો આ જગ્યાએ આવેલી પર્વતમાળાઓ પર આવીને મુશળધાર વરસાદ વરસાવે છે. પરંતુ એ પર્વતમાળાનાં પૂર્વ ભાગમાં વરસાદની કાયમ અછત રહે છે. મહારાષ્ટ્ર અને કર્ણાટકનો ઘણો બધો ભાગ એવો છે જ્યાં વરસાદ ખૂબ જ ઓછો પડે છે. પાણીની પણ ત્યાં ખૂબ જ તંગી પડે છે. પાણી ટ્રેનથી પહોંચાડવું પડે છે. અહીં કચ્છ અને રાજસ્થાનની જેમ નર્મદા અને સતલજનું પાણી નહેર દ્વારા પહોંચ્યું નથી.

મહારાષ્ટ્રના પરભણીના ડોક્ટર નાયક જણાવે છે કે ડેક્કન પ્લેટમાં લગભગ ત્રણ કિલોમીટરનો વરસાદ લાવતા મોસમી પવનને અંદર આવવાનો કોરિડોર બનાવવામાં આવે તો મહારાષ્ટ્ર અને કર્ણાટકના મોટા વિસ્તારમાં પાણીની સમસ્યા દૂર થઈ શકે. એટલું જ નહીં પશ્ચિમ વિસ્તારમાં ખૂબ જ વરસાદ પડે છે અને તે પાણીનો આપણે કોઈ સંગ્રહ કરી શકતા નથી. વરસાદ પડે એટલે આ ચોખ્ખું પાણી દરિયા કિનારો નજીક હોવાથી દરિયામાં વહી જાય છે. તેનો કોઈ ઉપયોગ થતો નથી. આ પાણીનો કોઈપણ રીતે સંગ્રહ થાય તો મહારાષ્ટ્ર અને કર્ણાટકના વિસ્તારોમાં પાણી પહોંચાડી શકાય. જોકે આ વિચાર માત્ર છે. તેનો પાયલોટ પ્રોજેક્ટ બનાવીને અમલમાં મૂકવા જેવો છે.

આનો મતલબ એવો નથી કે અરવલ્લીની ગિરિમાળાઓનું ખનન થવું જોઈએ. ત્યાં કરોડો વર્ષો જૂની ઇકોલોજી સિસ્ટમ છે. ઘણા બધા ધાર્મિક સ્થળ છે. ઋષિ મુનિ અને વૈજ્ઞાનિકોની તપોભૂમિ છે. પશુ પંખી અને જાતજાતના પ્રાણીઓ ત્યાં જોવા મળે છે. તેને જરા પણ અડચણ પહોંચવી જોઈએ નહીં. ગેરકાયદેસર ખનન ન થાય તેનો કડકપણે અમલ કરવો જોઈએ. પરંતુ તેને નુકસાન થવાથી જે ડરતાવી રહ્યો છે તે સદંતર ખોટો છે. ભ્રામક છે. ચિંતા કરવી હોય તો રણ બચાવવાની કરો. રણપ્રદેશ ધીરે ધીરે વન પ્રદેશમાં ફેરવાતો જાય છે. દુનિયામાં ખૂબ જ ઓછા આવા રણ પ્રદેશ હોય છે. ગેરફાયદા કરતાં ફાયદો વધારે છે. નાયક સાહેબે કહ્યું એમ ભારતના દક્ષિણ પશ્ચિમ કિનારા પર આવેલી ડેક્કન પ્લેટમાં લગભગ 900 કિલોમીટર લાંબી ગિરિમાળામાં માત્ર 3 કિલોમીટરનો કોરીડોર બનાવવામાં આવે તો જેવી રીતે આપણે સીટી વગાડીએ છીએ એટલે કેવી હવા જોરથી બહાર નીકળે છે એવી રીતે વરસાદી પવનો મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ફુકાશે. એ વિસ્તારમાં પણ વનરાજી ખીલશે.●